SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# રેવાતટે જીવનદર્શન: ‘તત્વમસિ’ના સંદર્ભમાં માનવીય મૂલ્યોનું અનુશીલન

*ડૉ. તેજલ રવિયા*

**સારાંશ**

૨૧મી સદીનું ગુજરાતી સાહિત્ય માનવ જીવનની જટિલતાઓ અને બદલાતા પરિવેશને રજૂ કરે છે. ધ્રુવ ભટ્ટની નવલકથા ’તત્વમસિ’ (૧૯૯૮-૯૯) એ આધુનિક સાહિત્યમાં એક સીમાચિહ્ન રૂપ કૃતિ છે. આ નવલકથા નર્મદા નદીના કિનારે વસેલા આદિવાસી સમાજ, પ્રકૃતિ અને માનવ ચેતના વચ્ચેના સંબંધોને ઉજાગર કરે છે.

ધ્રુવ ભટ્ટની નવલકથા’તત્વમસિ’એ ગુજરાતી સાહિત્યમાં આધુનિકતા અને આધ્યાત્મિકતાનો એક અદભૂત સંગમ છે. નર્મદા એટલે રેવા નદીના કિનારે આકાર લેતી આ કથા માત્ર ભૌગોલિક પ્રવાસ નથી, પણ માનવ ચેતનાના ઊંડાણમાં વહેતા જીવન મૂલ્યોની શોધ છે.’તત્વમસિ’ એટલે કે ‘તે તું જ છે’ અને આ મહાવાક્ય દ્વારા લેખક મનુષ્યને પ્રકૃતિ અને અન્ય જીવો સાથે એકાકાર થવાનો સંદેશ આપે છે. આ ઉપનિષદના મહાવાક્યને લેખકે કિનારાના અબુધ ગણાતા વનવાસીઓના જીવન દ્વારા પ્રગટ કર્યું છે. આમાત્ર નવલકથા નથી, પણ માનવ જીવનના મૂળભૂત મૂલ્યો અને પ્રકૃતિ સાથેના અતૂટ સંબંધની એક ગહન ગાથા  છે. આ  સંશોધન લેખ તત્વમસિ ’ ના સંદર્ભમાં નવી સદીનું સાહિત્ય અને પાયાનાજીવન મૂલ્યોનીઅધ્યયનઅને અનુભૂતિનું વર્ણન કરેલ છે.નર્મદાના કાંઠાને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ કૃતિ માત્ર ભૌગોલિક પ્રવાસ નથી, પણ ’સ્વ’ થી ’સર્વ’ સુધીની યાત્રા છે.

**ચાવીરૂપ શબ્દો: તત્વમસિ, મૂલ્યો,નર્મદા નદી, પ્રકૃતિ, આત્મબોધ**

નવી સદીનું સાહિત્ય જ્યારે ભૌતિકવાદ અને યંત્રવત જીવનની નિરૂપણ કરે છે, ત્યારે ધ્રુવ ભટ્ટની ’તત્વમસિ’ આપણને પ્રકૃતિ અને આત્માના મૂળભૂત મૂલ્યો તરફ પાછા લઈ જાય છે. આ નવલકથા માત્ર નર્મદા કિનારાની ભૌગોલિક કથા નથી, પરંતુ માનવીય સંવેદના અને આધ્યાત્મિક જાગૃતિની જીવાદોરી સમાન છે, લેખકે નર્મદાના પથ્થરો, પાણી અને ત્યાંના વનવાસીઓના જીવન દ્વારા મૂર્ત કર્યું છે. જ્યારે નાયક આદિવાસી બાળક જિતુને પૂછે છે કે તે પથ્થરો સાથે શું વાતો કરે છે, ત્યારે જિતુનો જવાબ આખા જીવનદર્શનને પલટી નાખે છે:**"સાહેબ, આ પથ્થરો કંઈ મૂંગા નથી. જો તમે શાંત થઈને સાંભળો, તો નર્મદાનો દરેક પથ્થર પોતાની વાર્તા કહે છે. આપણે તેને સાંભળતા શીખવું પડે."**(ભટ્ટ ૭૪).

રેવાતટે જીવન જીવતા લોકો માટે ’નર્મદે હર’ એ માત્ર અભિવાદન નથી, પણ એક સામાજિક સૂત્ર છે જે ઊંચ-નીચના તમામ ભેદભાવોને ઓગાળી નાખે છે.માનવીય ગૌરવની વાત કરીએ તોનવલકથાનો નાયક જ્યારે શહેરી અહંકાર સાથે આદિવાસી વિસ્તારમાં પ્રવેશે છે, ત્યારે તેને સમજાય છે કે સાચું ગૌરવ પદ કે પ્રતિષ્ઠામાં નહીં પણ માનવીય સંબંધોમાં છે.અતિથિ દેવો ભવ નાં મુલ્યો આપણનેઅજાણ્યા પરિક્રમાવાસીઓને પોતાનું સર્વસ્વ આપી દેવાની વૃત્તિ અહીંના લોકોમાં સહજ અને સભાવિક રીતે તેમની જીવન શૈલીઈમાં વણાયેલી છે. આ મૂલ્ય આજના સ્વાર્થી યુગ માટે એક મોટો બોધપાઠ દર્શાવે છે.  આજ નાં ૨૧ મી સદી ના જીવન ને યથા યોગ્ય કરે છે. જે સામાજિક સમરસતા અને વસુધૈવ કુટુંબકમ ના ભાવને અભિવાદન કરે છે.

આધુનિક વિશ્વ જ્યારે પર્યાવરણના ભોગે અને કુદરતી સંસાધનોના અંધાધૂંધ શોષણ દ્વારા વિકાસસાધવા મથે છે, ત્યારે ’તત્વમસિ’ આપણને એક સર્વગ્રાહી અને નવી દ્રષ્ટિ પૂરી પાડે છે. હર્ષદ ત્રિવેદીના મતે, આદિવાસી પાત્રો માટે નર્મદા એ માત્ર પાણીનો પ્રવાહ નથી, પરંતુ

સાક્ષાત્ 'માતા' છે (ત્રિવેદી ૮૨). આ પાત્રો કુદરત પાસેથી કશુંક છીનવી લેવામાં નહીં, પણ તેની સાથે તાદાત્મ્ય સાધવામાં માને છે. તેઓ માને છે કે:**"કુદરત દરેકની જરૂરિયાત પૂરી કરી શકે છે, પણ કોઈનો 'લોભ' (Greed) નહીં."**

અહીં અર્થશાસ્ત્ર એ માત્ર આંકડાઓની માયાજાળ નથી, પરંતુ નૈતિકતા અને જીવમાત્ર પ્રત્યેના આદર પર આધારિત જીવનશૈલીની વાત છે.જયારે કુદરત સાથેનું સહ-અસ્તિત્વ (Co-existence with Nature) ની વાત કરીએ તો, આજના ભૌતિકવાદી યુગમાં પ્રકૃતિને માત્ર એક રિસોર્સ (સાધન) અથવા કમાણીના સાધન તરીકે જોવામાં આવે છે. તેનાથી વિપરીત, 'તત્વમસિ' ના આદિવાસી પાત્રો માટે નર્મદા એ માત્ર પાણીનો પ્રવાહ નથી, પરંતુ સાક્ષાત્ 'માતા' છે.જે દરેક આદિવાસીમાં રહેલ સંવેદનશીલતા દર્શાવે છે.જે સમગ્ર માનવ જીવનને ઉદાહરણ પૂરું પાડે છે.આ પાત્રો કુદરત પાસેથી કશુંક છીનવી લેવામાં નહીં, પણ તેની સાથે તાદાત્મ્ય સાધવામાં માને છે. તેઓ જંગલમાંથી ફળ કે લાકડાં લેતી વખતે પણ એક પ્રકારની કૃતજ્ઞતા અનુભવે છે.જે આદિવાસી લોકો ની ગૌરવપૂર્ણ જીવશૈલી અને તેમના પ્રકૃતિ સાથેના તાદામ્ય ને દર્શાવે છે.અને સાથે સાથે નૈતિક સીમાઓ પર વિચારવિમર્શ કરીએ તોતેમની આર્થિક જરૂરિયાતો અત્યંત સીમિત છે. તેઓ માને છે કે કુદરત દરેકની જરૂરિયાતપૂરી કરી શકે છે, પણ કોઈનો 'લોભ' (Greed) નહીં. આ વિચારસરણી પર્યાવરણીય સંતુલન જાળવવા માટેનું પાયાનું આર્થિક મૂલ્ય છે

સંતોષનાં મૂલ્યો ની વાત કરી તો (The Value of Contentment)નવલકથાના પાત્રો, ખાસ કરીનેજિતુઅને નર્મદા કાંઠાના અન્ય રહીશો, આજના માનવીને 'સાચી સમૃદ્ધિ' ની વ્યાખ્યા આપી સમજાવે છે.એવું કહેવાય છે કે સંતોષી નર સદા સુખી, જેઅર્થહીન દોટનો અંત નથી એવા આજના ભૌતિકવાદી યુગમાં મનુષ્ય વધુ મેળવવાનીઆંધળી દોટમાં સતત અશાંત રહે છે. જ્યારે આ કૃતિના પાત્રો પાસે ભૌતિક સંપત્તિના નામે કદાચ કશું જ નથી, છતાં તેમની આંખોમાં જે સંતોષ (Contentment) અને ચહેરા પર જે તેજ છે, તે કોઈ અબજોપતિ પાસે પણ હોતું નથી. આનો સમગ્ર શ્રેય પકૃતિ ને જાય છે. ધ્રુવ ભટ્ટની નવલકથા 'તત્વમસિ'માં 'સંતોષનું મૂલ્ય' એ માત્ર એક વિચાર નથી, પણ એક જીવંત જીવનશૈલી છે. આજના ભૌતિકવાદી યુગમાં, જ્યાં મનુષ્યની સફળતાનો માપદંડ તેની સંપત્તિ છે, ત્યાં આ નવલકથા સંતોષને સાચી સમૃદ્ધિ તરીકે સ્થાપિત કરે છે.આધુનિક અર્થશાસ્ત્ર અનંત જરૂરિયાતો (Unlimited Wants) ના સિદ્ધાંત પર ચાલે છે, જે મનુષ્યને ક્યારેય ન અટકતી દોટમાં નિરંતર રાખે છે. તેની સામે 'તત્વમસિ'ના પાત્રો સંતોષના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય દ્વારા આ દોટને અર્થહીન સાબિત કરે છે.

નવલકથાના પાત્રો, ખાસ કરીને આદિવાસીઓ અને નર્મદા કાંઠાના રહીશો પાસે આધુનિક સુખ-સાહ્યબીના સાધનો નથી. છતાં, તેમનામાં જે સ્થિરતા અને આનંદ જોવા મળે છે, તે આશ્ચર્યજનક છે.જિતુ જેવા પાત્રો પાસે ભૌતિક સંપત્તિના નામે કશું જ નથી, છતાં તે નર્મદાના પથ્થરો, પક્ષીઓ અને પ્રકૃતિ સાથે જે સહજતાથી સંવાદ કરે છે, તે દર્શાવે છે કે સંતોષ એ ભૌતિક વસ્તુઓ પર નહીં પણ આંતરિક અવસ્થા પર નિર્ભર છે.આ પાત્રો માને છે કે, જેટલું જોઈએ એટલું મળી રહે છે. આ 'મળી રહેવાની' ભરોસો જ તેમને સંતોષ આપે છે. આધુનિક માણસ 'વધારે' મેળવવાની ચિંતામાં વર્તમાનનો સંતોષ ગુમાવે છે, જ્યારે અહીંના પાત્રો વર્તમાનમાં જીવે છે.શહેરમાંથી આવેલો નાયક જ્યારે આદિવાસીઓની જીવનશૈલી જુએ છે, ત્યારે તેને સમજાય છે કે પોતે જે વસ્તુઓ પાછળ ભાગતો હતો તે હકીકતમાં અનાવશ્યક હતી.સંતોષી માણસ કોઈનો ગુલામ હોતો નથી. કાંઠાના લોકો પાસે કોઈ મોટી કંપનીની નોકરી કે માલિક નથી. તેમની માલિક 'નર્મદા મા' છે. આ વિશ્વાસ તેમને ભયમુક્ત રાખે છે. જેની પાસે સંતોષ છે, તેને કશું જ ખોવાનો ડર નથી હોતો જે તેમનેમાનસિક સ્વતંત્રતા અને શાંતિનો અનુભવ કરાવે છે. જે માનવ જીવનની પૂજી છે અને જીવન સાર્થક કરે છે.

આધુનિક જગતમાં લોકો પાસે પૈસા છે પણ સમય નથી. 'તત્વમસિ'ના પાત્રો પાસે સંતોષ હોવાથી તેમની પાસે એકબીજા માટે અને પ્રકૃતિ માટે સમય છે. આ જ જીવનનો સાચો આંનદ અને અનુભૂતિ છે.સંતોષ એ સીધો માનસિક શાંતિ સાથે જોડાયેલો છે. નવલકથામાં 'તત્વમસિ' કે જે તે તું જ છે- ના ભાવ દ્વારા એ સમજાવવામાં આવ્યું છે કે જ્યારે તમે તમારી જાતને કુદરતનો જ એક ભાગ માનો છો, ત્યારે તમારી બધી જ ઈચ્છાઓ શમી જાય છે.સાથે સાથે સ્થિતપ્રજ્ઞતાની વાત કરીએ જે સંતોષી વ્યક્તિ સુખમાં છકી જતી નથી અને દુઃખમાં હારી જતી નથી. રેવાતટના લોકો ગમે તેવી કઠિન પરિસ્થિતિમાં પણ 'નર્મદે હર' કહીને હસતા રહે છે. આ હાસ્ય પાછળ રહેલું મૂળ તત્વ સંતોષછે.

જ્યારે સમાજમાં સંતોષનું મૂલ્ય હોય છે, ત્યારે ગુનાખોરી અને શોષણ ઓછું થાય છે. નવલકથામાં બતાવ્યું છે કે કાંઠાના લોકોમાં બીજાનું છીનવી લેવાની વૃત્તિ નથી. પ્રસાદ બ્રહ્મભટ્ટ નોંધે છે કે ધ્રુવ ભટ્ટની કૃતિઓ આધુનિકતા અને લોકજીવનના તાદામ્યને અદભૂત રીતે જોડે છે

(બ્રહ્મભટ્ટ ૨૧૦). આ તત્વજ્ઞાન વિશે પેપરનું મહત્વનું પાસું એ છે કે:**"જે છીનવે છે તે કદી સમૃદ્ધ નથી થતો, પણ જે વહેંચે છે તે કદી ગરીબ નથી રહેતો."**

આ 'સામૂહિક સંતોષ' જ્ઞાતિવાદ કે વર્ગવાદ જેવી ઉચનીચનાં ભેદભાવ થી દૂર રાખે છે.આમ, 'તત્વમસિ'માંસંતોષએ કોઈ લાચારી નથી, પણ એક સર્વોચ્ચ શક્તિ છે. તે મનુષ્યને અશાંતિના વમળમાંથી બહાર કાઢીને આત્મીયતાના કિનારે લાવે છે.અને સમગ્ર માનવ કલ્યાણ અર્થે દોરી જાય છે. ધ્રુવ ભટ્ટ આપણને સમજાવે છે કે જ્યાં સુધી આપણને 'પૂરતું છે' એવું લાગશે નહીં, ત્યાં સુધી દુનિયાની બધી જ સંપત્તિ પણ આપણને ગરીબ જ રાખશે.રેવાતટનું આ દર્શન એ જ શીખવે છે કે સંતોષ એ આત્માનું ઘરેણું છે અને જીવનનો સાચો હેતુ છે.આ નવલકથામાં અપરિગ્રહ એટલે કે જરૂરિયાત કરતાં વધુ સંગ્રહ ન કરવો. આદિવાસીઓ પાસે આવતીકાલની ચિંતાનો સંગ્રહ નથી, કારણ કે તેમને તેમની 'મા' નર્મદા પર અતૂટ ભરોસો છે.

નવલકથામાં 'નર્મદે હર' કહીને જ્યારે કોઈ પણ અજાણ્યા વ્યક્તિને ભોજન આપવામાં આવે છે, ત્યારે ત્યાં કોઈ નાણાકીય વ્યવહાર કે નફા-નુકસાનનું ગણિત હોતું નથી.આર્થિક નૈતિકતાનું આ સર્વોચ્ચ શિખર છે, જ્યાં સંપત્તિ કે સાધનો પર કોઈ વ્યક્તિનો વ્યક્તિગત કબજો નથી, પણ તે સમગ્ર સમુદાય અને આવનારા અતિથિ માટે છે. આ મૂલ્ય આધુનિક અર્થતંત્રમાં જોવા મળતા શોષણ અને અસમાનતાને જડમૂળથી ઉખાડી ફેંકે છે.

આમ, 'તત્વમસિ' ના સંદર્ભમાં આર્થિક નૈતિકતા એટલે માત્ર પૈસાની લેવડદેવડ નહીં, પણ 'પ્રકૃતિનું શોષણ કર્યા વગર સૌના હિતમાં જીવવાની કળા' છે. તે આપણને સમજાવે છે કે સાચો વિકાસ એ હકીકતમાં આંતરિક સંતોષ અને બાહ્ય સંયમનો જ જીવન ની માર્ગદર્શક બની રહે છે છે.જે જીવનને સાર્થક બનાવે છે.આજના તણાવ અને માનસિક અશાંતિના યુગમાં આ કૃતિ 'માનસિક કલ્યાણ' અને 'આત્મબોધ' ના અતિ સૂક્ષ્મ મૂલ્યોને અત્યંત સચોટ રીતે રજૂ કરવામાં આવેલ છે.નવલકથામાં માનસિક સ્વાસ્થ્ય માત્ર બીમારીની ગેરહાજરી નથી, પરંતુ મનની એવી અવસ્થા છે જ્યાં વ્યક્તિ પ્રકૃતિ અને અન્ય મનુષ્યો સાથે સંપૂર્ણ સુમેળમાં હોય છે. લેખકે અહીં બે મુખ્ય સ્તંભો દ્વારા આત્મબોધની પ્રક્રિયા સમજાવી છે.

નવલકથામાં નર્મદા નદી એ માત્ર જળનો પ્રવાહ નથી, પણ જીવનનું દર્શન છે. નદી પથ્થરો વચ્ચેથી વહે છે, રસ્તો બનાવે છે, ક્યાંક શાંત છે તો ક્યાંક ઉછળતી છે, પણ તે ક્યારેય વહેવાનું અટકાવતી નથી.જીવન પર્યંત વેહતી રેહ્વાના ગુણધર્મ ને ચરિતાર્થ કરે છે .જીવનના ઉતાર-ચઢાવનો સ્વીકારઃ 'તત્વમસિ' ના પાત્રોમાં આ નદી જેવી સહજતા જોવા મળે છે. જીવનમાં આવતા સુખ-દુઃખને તેઓ કુદરતના ક્રમ તરીકે સ્વીકારી લે છે. આ સહજ સ્વીકારભાવ (Acceptance) જ તેમને માનસિક રીતે મજબૂત અને સમૃદ્ધ બનાવે છે.બૌદ્ધિકતા અને શ્રદ્ધાનો સંઘર્ષ વિશે વિચારી તો ,નવલકથાનો નાયક શરૂઆતમાં પોતાની બુદ્ધિ અને તર્કના આધારે જીવનને સમજવા મથે છે, જેના કારણે તે અશાંત રહે છે. પરંતુ જ્યારે તેની બૌદ્ધિકતા પ્રકૃતિના રહસ્યો સામે હારી જાય છે, ત્યારે તેને 'શ્રદ્ધા' અને 'સ્થિરતા' નો માર્ગ મળે છે. આત્મબોધ ત્યારે જ થાય છે જ્યારે મનુષ્ય 'બધું જ નિયંત્રિત' કરવાની જીદ છોડીને સમર્પણ ભાવ કેળવે છે.હું તે જ છુ જે તું છે અને નવકથાનાં હાર્દ ને યથા યોગ્ય કરે છે.

જ્યારે વ્યક્તિ પોતાના 'અહં' (I) થી બહાર નીકળીને બીજાના કલ્યાણનો વિચાર કરે છે, ત્યારે તેના મનના અડધા સંતાપો શમી જાય છે.સ્વ થી સર્વ ની યાત્રા તરફ નાં ભાવ થી મન હળવાશ અનુભવે છે.નવલકથાના પાત્રની વાત કરિએ,સુપ્રિયા એક શિક્ષિત અને સક્ષમ યુવતી હોવા છતાં આદિવાસીઓની સેવાનું કઠિન જીવન પસંદ કરે છે. સુપ્રિયા જ્યારે સેવાની ગૂઢ વાત સમજાવે છે ત્યારે તે કહે છેઃ**"બીજા માટે જીવવામાં જે આનંદ છે, તે પોતાના માટે જીવવામાં ક્યારેય નથી મળતો. જ્યારે તમે સામેની વ્યક્તિમાં તમારી જાતને જુઓ છો, ત્યારે સેવા એ ફરજ નહીં પણ ઉત્સવ બની જાય છે."**(ભટ્ટ૧૫૬).તે સાબિત કરે છે કે સાચી માનસિક શાંતિ કોઈ હિમાલયની ગુફામાં કે એકાંતમાં નથી, પણ પીડિત માનવતાની સેવામાં રહેલી છે.આ સમગ્ર જીવનદર્શનનો સારાંશ કહીતો ,એવું કહી શકાય :**"વધુ મેળવવું એ વિકાસ નથી, પણ જે છે તેને સાચવવું અને વહેંચવું એ સાચો વિકાસ છે."**ઉપનિષદના 'તત્વમસિ' મહાવાક્યની સમજૂતી મુજબ, જ્યારે વ્યક્તિ અન્ય જીવોમાં પોતાનું જ તત્વ જુએ છે ત્યારે સાચી શાંતિ મળે છે (ઉપનિષદ ચિંતન ૧૫). આ કૃતિ દ્વારા આધુનિક જગતને એવો સંદેશ આપે છે કે રેવાતટનું જીવનદર્શન એ જ પ્રતીરૂપી છે કે, તેનું ઉદાહરણ આપી તો, **રેવાતટના વૃદ્ધ અને નાયક વચ્ચેનો આ સંવાદ,**જ્યારે નાયક પશ્ચિમી શિક્ષણના

અહંકારમાં કુદરત પર માણસના વિજયની વાત કરે છે, ત્યારે એક વૃદ્ધ તેને પાયાનું સત્ય સમજાવે છે:"**માણસ નદીને બાંધી શકે, પણ નદીના વહેણને સમજી શકતો નથી. નર્મદા કોઈની મિલકત નથી, આપણે નર્મદાની મિલકત છીએ. આપણે તેના માલિક નથી, માત્ર તેના સંતાનો છીએ.**"(ભટ્ટ ૮૯).વ્યક્તિ પોતે વિશ્વનો એક અંશ છે, માલિક નહીં. આ આસ્વાદ જ આપણને સાચા માનવીય જીવન મૂલ્યો તરફ જીવન જીવા તરફ દોરી જાય છે .જે તેને આત્મીયતાનો અનુભવ કરાવે છે જ્યારે વ્યક્તિ બીજાના આંસુ લૂછે છે કે કોઈના જીવનમાં અજવાળું પાથરે છે, ત્યારે તેને જે સંતોષ મળે છે તે જ ખરો 'આત્મસંતોષ ' છે. સુપ્રિયાનું પાત્ર એ સંદેશ આપે છે કે 'સ્વ' નું કલ્યાણ 'પર' ના કલ્યાણમાં જ વણાયેલું છે.

આત્મબોધ એટલે પોતાના સ્વ સાથેની સાચી ઓળખ મેળવવી. નવલકથામાં 'તત્વમસિ'- તે તું જ છે, એ મહાવાક્ય એવા માનસિક કલ્યાણ તરફ દોરી જાય છે જ્યાં મનુષ્યને સમજાય છે કે:પ્રકૃતિ સાથે એકતા નો અર્થ, હું પ્રકૃતિથી અલગ નથી, પણ તેનો જ અંશ છું. ભયમુક્તિ જીવન ત્યારે જ જીવી શકાય જ્યારે બધું જ 'એક' છે, ત્યારે કોઈનો ડર રહેતો નથી.આં જ ની ઘડી ને આજનો દિવસ એટલે વર્તમાનમાં જીવવું,ભૂતકાળનો પસ્તાવો કે ભવિષ્યની ચિંતા છોડીને નદીના વહેણની જેમ વર્તમાન ક્ષણમાં વેહતા રહેવું એ જ આનંદ.

આમ, 'તત્વમસિ' આપણને શીખવે છે કે માનસિક શાંતિ  એ ભૌતિક સાધનોથી નથી મળતી , પણ આંતરિક દ્રષ્ટિકોણનું પરીણામ છે. જ્યારે અહંકાર ઓગળે છે અને સેવાભાવ જાગે છે, ત્યારે જ મનુષ્ય આત્મજ્ઞાન પામીને ખરા અર્થમાં 'સ્વ થી સવર્ગ  સુધી યાત્રા ' બને છે. આ કૃતિ સાબિત કરે છે કે જો સામાજિક નૈતિકતા અને પર્યાવરણીય જાગૃતિ જળવાશે, તો જ માનવીય મૂલ્યોનું જતન થશે.'તત્વમસિ' એ માત્ર એક નવલકથા નથી, પણ માનવી માટે જીવન જીવવાની કળાછે. તે શીખવે છે કે જ્યાં સુધી આપણે સામેની વ્યક્તિ કે પ્રકૃતિમાં આપણું જ તત્વ નહીં જોઈએ, ત્યાં સુધી સાચી શાંતિ શક્ય નથી. સામાજિક નૈતિકતા અને માનસિક શાંતિનો માર્ગ આ 'એકતા' ના ભાવમાં જ રહેલો છે.

તત્વમસિ માં માનવીય સંબંધોનો આધાર 'લેવડ-દેવડ' નથી, પણ 'તત્વ ' (Soul) છે. જ્યારે આપણે સામેની વ્યક્તિમાં પણ આપણું જ તત્વ જોઈએ છીએ, ત્યારે શોષણ અટકે છે અને સેવા શરૂ થાય છે આ કૃતિ 'વ્યક્તિ' થી 'વિશ્વ' સુધીની યાત્રાનો માર્ગ ચીંધે છે.'તત્વમસિ' નવલકથા પરથી એવું તારણ નીકળે છે કે નવી સદીનું સાહિત્ય માત્ર મનોરંજન માટે નથી, પણ માનવીને તેના 'ખોવાયેલા સત્ય' તરફ વાળવા માટે છે. લેખકે સાબિત કર્યું છે કે જ્યાં સુધી આપણે અન્યમાં મનુષ્ય, પશુ કે પ્રકૃતિમાં આપણું જ તત્વ નહીં જોઈએ,ત્યાં સુધી સાચું આત્મકલ્યાણ શક્ય નથી અને સાથે સાથે આ કૃતિ આધુનિક જગતને એવો સંદેશ આપે છે કેવધુ મેળવવું એ વિકાસ નથી, પણ જે છે તેને સાચવવું અને વહેંચવું એ સાચો વિકાસ છે.રેવાતટનું જીવનદર્શન એ જ સાબિત કરે છે કેવ્યક્તિ પોતે વિશ્વનો એક અંશ છે, માલિક નહીં.ધ્રુવ ભટ્ટની આ કૃતિ આપણને અહંકારના પિંજરામાંથી મુક્ત કરી 'આત્મીયતા' ના આકાશમાં વિહાર કરાવે છે. આ આસ્વાદ જ આપણને સાચા માનવીય મૂલ્યો તરફ દોરી જાય છે.

સંદર્ભ સૂચિ **(References)**


1. ભટ્ટ, ધ્રુવ.*તત્ત્વમસિ.* અમદાવાદઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૯૮. પ્રિન્ટ
2. બ્રહ્મભટ્ટ, પ્રસાદ.*અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ.* પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૫. પ્રિન્ટ.
3. ત્રિવેદી, હર્ષદ.*ગુજરાતી નવલકથામાં પર્યાવરણ અને માનવ મૂલ્યો.* ૨૦૧૮. પ્રિન્ટ.
4. ઉપનિષદ ચિંતન.*'તત્ત્વમસિ' મહાવાક્યની આધ્યાત્મિક સમજૂતી.* આધ્યાત્મિક ટ્રસ્ટ પ્રકાશન, ૨૦૧૦. પ્રિન્ટ.